રજુ કર્યા તારીખ :– ૧૮/૦૮/૨૦૨૧
દાખલ તારીખ :– ૧૮/૦૮/૨૦૨૧
ફેસલ તારીખ :– ૧૮/૦૧/૨૦૨૩
સમયગાળો :– ૧ વર્ષ,પ મહીના,૦ દિવસ

≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈

**છોટા ઉદેપુરના મહેરબાન પ્રિન્સી.સિનિયર સિવીલ જજશ્રી (આર.ડી.પાન્ડે)**
**ની કોર્ટમાં, મુ.છોટા ઉદેપુર.**

≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈≈

**સ્પે.દી.મુ.નં.૦૨/૨૦૨૧**
**આંક :**

**વાદીઓ :–**

**<u>મૈયત અશ્વિનભાઈ સુરતનભાઈ રાઠવા ના વારસ</u>**
કમરીબેન સુરતનભાઈ રાઠવા (માતા)
રહે.બૈડીયા,તા.કવાંટ,
જી.છોટાઉદેપુર.

**<u>–– વિરૂધ્ધ ––</u>**

**પ્રતિવાદીઓ :–**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી
માર્ગ અને મકાન બાંધકામ વિભાગ,
સબ ડીવીઝન, દેવગઢ બારીયા રોડ,
છોટાઉદેપુર.

---

દાવો :– સી.પી.સી કલમ–૯ મુજબ રૂ.૫૦,૦૦,૦૦૦/– ના આંકથી નુકશાન વળતર મેળવવા બાબત.

---

વાદીપક્ષના વિધ્વાન વકીલ શ્રી ડી.બી.શાહ
પ્રતિવાદીપક્ષે એકસપાર્ટી

---

# <u>JUDGMENT</u>

(૧) વાદીની દાવાની ટૂંકમાં હકીકત,

આ કામના અરજદાર ઉપરોકત જણાવેલ સરનામે રહે છે અને આ કામના સામાવાળા માર્ગ અને મકાન વિભાગ,છોટાઉદેપુરના જવાબદાર અને અધિકૃત અધિકારી અને છોટાઉદેપુર જિલ્લાના સરકારી જાહેર માર્ગ અને મકાનો,બિલ્ડીંગોનું બાંધકામ, રીનોવેશન, રીપેરીંગની કામગીરીનો વહીવટ સંભાળે છે,અને તેઓના તાબા હેઠળના કર્મચારીઓ પાસે કામ કરાવી અને નાગરીકોને જાહેર માર્ગ અને મકાન બાંધકામ સેવાઓ પુરી

પાડે છે અને છોટાઉદેપુર જિલ્લામાં આવેલ જાહેર માર્ગ અને મકાનોનો વહીવટ સંચાલન કરે છે.આ જાહેર સેવાઓમાં કોઈ ખામી ના રહી જાય તેમજ જાહેર નાગરીકોની જાનમાલને નુકશાન ના થાય તેની પુરેપુરી તકેદારી રાખવાની તથા સંચાલન કરવાની જવાબદારી સામાવાળાની ઠરે છે.સામાવાળાના તાબા હેઠળના રોડ રસ્તા ખાડા ખાબડ ના થાય અને રોડ પરનો ડામર ઉખડી ગયેલ હોય તો તેનુ સમયસર સમારકામ કરાવી દેવાની સામાવાળાની નૈતિક જવાબદારી છે.જાહેર માર્ગો પર જાહેર જનતાને કોઈ અકસ્માત ના થાય અને કોઈની જાનમાલને નુકશાન ના થાય તેની કાળજી અને તકેદારી રાખવાની જવાબદારી સામાવાળાની ઠરે છે.

સદર કામના સામાવાળા તાબા હેઠળના જાહેર માર્ગો પર નિયત સમયાંતરે જરૂરી ઈન્પેકશન કરાવવાની જવાબદારી સામાવાળાની ઠરે છે.જેના ભાગ રૂપે અરજદારના પુત્ર નામે **અશ્વિનભાઈ સુરતનભાઈ રાઠવા** નાઓ નસવાડી બી.એડ.કોલેજમાં સિનીયર કલાર્ક તરીકે નોકરી કરતા હોય,તેઓ ઓફીસ કામ અર્થે છોટાઉદેપુર ખાતે ડી.ઓ કચેરીમાં તાલિમાર્થીઓના શિષ્યવૃતીના ફોર્મ જમા કરાવવા પોતાની મોટર સાઈકલ ચલાવીને જતા હતા ત્યારે તા.૦૬.૧૨.૨૦૧૯ ના રોજ આશરે સાંજના ૬:૦૦ વાગ્યાના અરસામાં અરજદારના પુત્ર નામે અશ્વિનભાઈ સુરતનભાઈ રાઠવા ઉ.૨૭ નાઓ મોટર સાઈકલ રજી.નં.જી.જે.૩૪.ઈ.૯૪ ૫૭ ની જાતે ચલાવી નસવાડી છોટાઉદેપુર જતા હતા તે દરમ્યાન મોજે–આથાડુંગરી પાસે નસવાડી અને કવાંટને જોડતા રોડ પરનું નાળુ છેલ્લા કેટલાક સમયથી જર્જરીત તુટેલી હાલતમાં હતું.જયાં અંધારામાં અરજદારનો પુત્ર બાઈક સાથે સીધો નાળામાં પડી ગયેલ હતો. જેથી અરજદારના પુત્ર અશ્વિનભાઈને માથામાં,છાંતીમાં તથા શરીરે ગંભીર પ્રાણઘાતક ઈજાઓ થતા તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે નસવાડી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરેલ.જયાં અરજદારના પુત્રની પ્રાથમિક સારવાર કર્યા બાદ વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી હોસ્પીટલમાં રીફર કરતા અરજદારના પુત્રને વડોદરા લઈ જતા દરમ્યાન રસ્તામાં જ તેનું મૃત્યુ થયેલ.જેથી અરજદારના પુત્રની લાશને નસવાડી સરકારી દવાખાનામાં રાખી પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ. જેમાં કોઝ ઓફ ડેથમાં માથામાં, છાંતીમાં તથા શરીરે ગંભીર પ્રાણઘાતક ઈજાઓ થવાને કારણે મૃત્યે થયેલ હોવાનું જણાવેલ છે.સદર અકસ્માતમાં સામાવાળાની સંપુર્ણ લાપરવાહી, ભુલ, નિષ્કાળજી અને બેદરકારીને કારણે થયેલ છે.જે મતલબની ફરીયાદ કવાંટ પો.સ્ટે..ફર્સ્ટ ગુ.ર.નં.૨૯/૨૦૧૯ થી ઈ.પી.કો. ૨૭૯, ૩૦૪(એ), એમ.વી.એકટ ૧૭૭,૧૮૪ મુજબ તા.૦૭.૧૨.૨૦૧૯ ના રોજ નોંધાયેલ છે.આ કામના સામાવાળાઓએ કોઈપણ જાતના સાઈન સિગ્નલ કે ડાયવર્ઝન મુકેલ નથી.અરજદારના પુત્રનું અકાળે અવસાનથી અરજદારના પરીવારને મોટું આર્થિક પારાવાર નુકશાન થયેલ છે અને ઘડપણની લાકડી સમાન પુત્રનો આધાર ગુમાવ્યો છે. જેથી અરજદારને રૂા.૫૦,૦૦,૦૦૦/– નું થયેલ નુકશાન વળતર સબબ સામાવાળાને તા.૧૭/૦૧/૨૦૨૨ ના રોજ નોટીસ સી.પી.સીની કલમ ૮૦(એ) હેઠળ આપેલ.પરંતુ,સામાવાળાએ અરજદારને થયેલ નુકશાન ચુકવેલ નથી કે, નોટીસનો કોઈ સંતોષકારક જવાબ આપેલ નથી.જેથી હાલનો દાવો સામાવાળા પાસેથી નુકશાન વળતર રૂા.૫૦,૦૦,૦૦૦/– મેળવવા અત્રેની કોર્ટ સમક્ષ ગુજારવાની ફરજ પડેલ છે.વધુમાં અકસ્માત સમયે અરજદારના પુત્ર નામે અશ્વિનભાઈ સુરતનભાઈ રાઠવા ઉ.વ આ.૨૭ વર્ષની ઉંમરના યુવાન વયના હતા અને તેઓ નસવાડી બી.એડ.કોલેજમાં સીનીયર કલાર્ક તરીકે નોકરી કરી માસીક રૂા.૧૮૦૦૦/– કમાતા હતા તથા તેઓને કોઈપણ જાતનો રોગ,વ્યસન કે કુટેવ હતી નહી.અરજદારને ઉતરક્રિયા પાછળ રૂા.૧,૫૦,૦૦૦/– જેટલો ખર્ચો થયેલ છે.આ ઉપરાંત અરજદારને સામાવાળા પાસેથી નુકશાન વળતર પેટે રૂા.૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ લાખ પુરા )દાવા અરજ કર્યા તારીખથી વસુલ થતા સુધી ૧૮% વ્યાજ સહીત ચુકવી આપવા હુકમ કરવા અરજ કરેલ છે તથા દાવા અરજીનો તમામ ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા અને યોગ્ય એવી હરકોઈ દાદ અપાવવા અરજ વિનંતી છે.

(૨) આ કામના સામાવાળાને આંક–૦૭ થી નોટીસ બજેલ છે.પરંતુ,સામાવાળા હાજર ન રહેતા દાવો એકસ પાર્ટી તરીકે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

## (૩) <u>વાદી તરફે રજુ થયેલ પુરાવો.</u>

### :: મૌખિક પુરાવો ::

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૦૧ | ૨૬ | કમરીબેન સુરતનભાઈ રાઠવા ની પુરાવાની એફીડેવીટ |

### :: દસ્તાવેજી પુરાવો ::

| ક્રમ | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૦૧ | ૧૩ | એફ.આઈ.આર ની ખરી નકલ |
| ૦૨ | ૧૪ | પંચનામુની ખરી નકલ |
| ૦૩ | ૧૫ | લાશની સાથે મેડીકલ ઓફીસરને મોકલવાનો પોલીસ રીપોર્ટને ફોર્મ |
| ૦૪ | ૧૬ | ઈન્વેસ્ટ પંચનામાની ખરી નકલ |
| ૦૫ | ૧૭ | મરણ દાખલાની ખરી નકલ |
| ૦૬ | ૧૮ | મરનાર અશ્વિનભાળની આર.સી.બુક ની ખરી નકલ |
| ૦૭ | ૧૯ | મરનાર અશ્વિનભાઈની લાઈસન્સ્ની ખરી નકલ |
| ૦૮ | ૨૦ | આધાર કાર્ડ |
| ૦૯ | ૨૧ | પેઢીનામાની ખરી નકલ |
| ૧૦ | ૨૨ | દિવ્યભાસ્કરનુ પેપર કટીંગ |
| ૧૧ | ૨૩ | સંદેરનુ પેપર કટીંગ |
| ૧૨ | ૨૪ | ગુજરાત સમાચારનું પેપર કટીંગ |
| ૧૩ | ૨૫ | અકસ્માતના ફોટા નં.૧ થી ૪ |

(૪) આ કામે રેકર્ડ જોતા વાદીપક્ષે આંક– ૨૭ થી કલોઝીંગ પુરશીશ રજુ કરેલ હોય જેથી તેઓનો પુરાવો પુર્ણ થયેલ છે.

**(૫) ઉપરોકત હકીકતોને ધ્યાને લેતા નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થીત થાય છે જે આંક–૦૯ થી કાઢવામાં આવેલ છે.**

### ::: મુદૃાઓ :::

(૧) શું વાદી પુરવાર કરે છે કે,તેમના પુત્ર અશ્વિનભાઈ સુરતાનભાઈ રાઠવાનાઓએ તા.૦૬/૧૨/૨૦૧૯ ના રોજ આશરે સાંજના ૬:૦૦ વાગ્યાના અરસામાં તેમના મોટર સાઈકલ રજી.નં.GJ-34-E-9457 ચલાવીને જતાં હતાં,ત્યારે મોજે.આથાડુંગરી પાસે અંધારામાં નાળામાં પડી ગયેલ જેથી તેમનો મૃત્યુ

થયેલ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, બનાવવાળી જગ્યાએ નાળું છેલ્લા કેટલાક સમયથી જર્જરીત તુટેલી હાલતમાં હતી જેથી આ બનાવ બનેલ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે,બનાવવાળી જગ્યાએ નાળું જર્જરી તથા તુટેલી હાલતમાં હતું માટે પ્રતિવાદીઓ જવાબદાર છે?

(૪) શું વાદી પુરવાર કરે છે કે,પ્રતિવાદીના બેદરકારીના કારણે આ બનાવ બનેલ જેથી પ્રતિવાદીએ વળતર આપવા જવાબદાર બને છે?

(૫) શું વાદી પુરવાર કરે છે કે, પ્રત્વિાદી પાસેથી રૂા.૫૦ લાખ પુરા વળતર ૧૮% વ્યાજ (દાવાની તારીખથી વસુલ તથાં સુધી) મેળવવાનાં હકકદાર છે?

(૬) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૭) શું હુકમ અને હુકમનામું?

## (૬) <u>ઉપરોકત મુદ્દાનાં નિર્ણયો મારા મતે નીચે પ્રમાણે છે</u>.

૧). હકારમાં

૨). હકારમાં

૩). નકારમાં

૪). નકારમાં

૫). નકારમાં

૬). નકારમાં

૭). આખરી હુકમ મુજબ

## <u>:: કારણો ::</u>

### (૭) <u>મુદ્દા નંબર નં.૧ :–</u>

આ કામે વાદી કમરીબેન સુરતનભાઈ રાઠવાનાઓએ આંક–૨૬ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે.તેમાં પાના નં.ર પર તેઓએ જણાવેલ છે કે, તેમના પુત્ર અશ્વિનભાઈ સુરતાનભાઈ રાઠવા ઓફીસના કામે છોટાઉદેપુર ખાતે ડી.ડી.ઓ કચેરીમાં તાલીમાર્થીઓના શિષ્યવૃતિ ફોર્મ જમા કરાવવા પોતાની મોટરસાઈકલ ચલાવીને જતાં હતાં ત્યારે તા.૦૬/૧૨/૨૦૧૯ ના રોજ સાંજના છ વાગે ના અરસામાં તેમની મોટરસાઈકલ રજીસ્ટ્રેશન નં. જી.જે.૩૪.ઈ.૯૪૫૭, નસવાડીથી છોટાઉદેપુર જતાં, મોટરસાઈકલ રોડની ડાબી બાજુ ધીમી ગતિથી ચલાવીને જતાં હતાં ત્યારે આથાડુંગરી પાસે નસવાડી તથા કવાંટને જોડતા નાળામાં પડી જતાં તેમના માથામાં તથા છાતિમાં ગંભીર પ્રાણઘાતક ઈજા થયેલ.જેથી તાત્કાલિક ૧૦૮ બોલાવી નસવાડી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર કરાવેલ અને તે પછી વધુ સારવાર માટે એસ.ઓ.જી બરોડા ખાતે રેફર કરવામાં આવેલ.જેથી રસ્તામાં તેમનું મૃત્યુ થયેલુ.ઉપરોકત હકીકત સંદર્ભે આંક–૧૩ થી એફ.આઈ.આર ની નકલ રજુ

કરવામાં આવેલ છે.એફ.આઈ.આર ની હકીકતો વંચાણે લેતા ઉપરોકત હકીકતોને સમર્થન મળે છે.વાદી તર્ફે મરણ જનાર અશ્વિનભાઈ સુરતનભાઈ રાઠવાના પોસ્ટમોર્ટમ રીપોર્ટ આંક-૧૫ થી રજુ કરવામાં આવેલ છે.વધુમાં વાદી તર્ફે આંક-૧૭ થી મરણ જનારના ડેથ સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ છે.જે વંચાણે લેતા ઉપરોકત હકીકતોને સમર્થન મળે છે.પ્રતિવાદીઓ તર્ફે આ હકીકતો વિરૂધ્ધમાં કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી કે કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી.જેથી ઉપરોકત હકીકતો નિર્વિવાદીત બને છે.જેથી માનવામાં આવે છે કે, વાદીના પુત્ર અશ્વિનભાઈ સુરતનભાઈ રાઠવાનાઓએ તા.૦૬/૧૨/૨૦૧૯ ના રોજ સાંજના છ વાગ્યાના અરસામાં તેમની મોટરસાઈકલ રજીસ્ટ્રેશન નં. જી.જે.૩૪.ઈ.૯૪૫૭ ચલાવીને જતાં હતા ત્યારે મોજે.આથાડુંગરી પાસે અંધારામાં નાળામાં પડી ગયેલ જેથી તેમનું મૃત્યુ થયેલ જેથી મુદા નં.૧ નો ઉતર હકારમાં આપવામાં આવે છે.

## (૮) <u>મુદ્દા નંબર નં.૨ :-</u>

આ કામે વાદી તર્ફે જણાવવામાં આવેલ છે કે,બનાવ વાળી જગ્યા એ નાળું કેટલાય સમયથી તુટેલું અને જર્જરીત હાલતમાં હતું જેથી બનાવ બનેલ.તે સંદર્ભે વાદી તર્ફે પોલીસ ધ્વારા કરવામાં આવેલ પંચનામાની નકલ આ કામે આંક-૧૪ થી રજુ કરેલ છે. સદરહું પંચનામામાં જણાવવામાં આવેલ છે કે,ગુનાવાળી જગ્યાએ ખાડો ખોદેલ તેની બંને બાજુ આશરે ૫૦ ફુટ માટી નાખી અવરોધ થાય બનાવેલ છે.તેમજ પતરાની પીપ બંને બાજુએ મુકેલ તેમજ કવાંટ બાજુની સાઈડે ડાયવર્ઝન કામ ચાલુ રસ્તો બંધ તેનું બોર્ડ મારેલ છે પણ સદર ગુના વાળી જગ્યના રોડના બાજુમાં અને નસવાડીથી કવાંટ આવતા ડાબી સાઈડે રોડ ડાયર્વઝન આપેલ છે.ગુના વાળી જગ્યાથી પશ્ચિમે ૧૫૦ ફુટ દુર રોડની ડાબી સાઈડે રાજપીપલા લખેલ માઈલ સ્ટોન આવેલ છે.તે નસવાડી જતો રોડ આવેલ છે.ગુના વાળી જગ્નાની પુર્વે રલડની જમણી માજુ આવેલ ખેતરમાં એ/૧૨૯ લખેલ ઈલેકટ્રીક લાઈટનો થાંભલો આવેલ છે અને પુર્વ તર્ફે ૧૫૦ ફુટ દુર ડાબી સાઈડે શનાભાઈ નાયકાભાઈ રાઠવાનું મકાન આવેલ છે.વધુમાં સદરહું પંચનામામાં લખેલ છે કે,નાળાનું કામ ચાલુ છે.જેથી પંચનામા વંચાણે લેતા જણાય આવે છે કે, બનાવવાળી જગ્યાએ નાળુ જર્જરીત ટુટેલી હાલતમાં હતાં જેથી બનાવ બનેલ તથા આ પુરાવાના વિરૂધ્ધમાં કોઈ પુરાવા આવેલ નથી જેથી આ મુદાનો ઉતર હકારમાં આપવામાં આવે છે.

## (૯) <u>મુદ્દા નંબર નં.૩ :-</u>

વાદી તર્ફે જણાવવામાં આવેલ છે કે, નાળું ટુટેલુ તથા જર્જરીત હાલતમાં હતુ તે માટે પ્રતિવાદી જવાબદાર છે.તે સંદર્ભે ધ્યાને લઈએ તો પંચનામા વંચાણે લેતા સદરહું જગ્યાએ રીપેરીંગ કામ ચાલુ હતુ અને ત્યાં ડાયર્વઝનના બોર્ડ પણ હતાં.વધુમાં સમય પસાર થવાથી નાળુ જર્જરીત થઈ શકે છે તેની માટે પ્રતિવાદીને જવાબદાર ના ઠરાવી શકાય.પરંતુ,જર્જરીત નાળુ અથવા રસ્તા રીપેર ના કરે તો તેને જવાબદાર ઠેરવી શકાય.કેટલાક સમયથી રીપેરીંગ કામ ચાલતુ હતું તે જણાવવામાં આવેલ નથી કે પુરાવો રજુ કરવામાં આવેલ નથી.તેથી મુદમ નં. ૩ નો ઉતર નકારમાં આપવામાં આવે છે.

## (૧૦) <u>મુદ્દા નંબર નં.૪ :-</u>

વાદી તર્ફે જણાવવામાં આવેલ છે કે પ્રતિવાદીની બેદરકારીને કારણે બનાવ બનેલ તેથી પ્રતિવાદી વળતર આપવા જવાબદાર ઠરે છે.આ અંગે ધ્યાને લઈએ તો આ કામે આંક-૧૩ થી એફ.આઈ.આર ની નકલ રજુ કરવામાં આવેલ છે.સદરહું એફ.આઈ.આર માં લખેલ છે કે, મરણ જનાર અશ્વિનભાઈ ફરીયાદીના સહુંથી નાના ભાઈ હતાં.ફરીયાદ ના છેલ્લા પેરામાં ફરીયાદી સંજયભાઈ સુરતનભાઈએ લખાવેલ છે કે,અશ્વિનભાઈ સુરતનભાઈ તેમની મોટરસાઈકલ પુર ઝડપે હંકારી લઈ જતાં હતાં અને રોડ ઉપર ટુટેલા નાળામાં પડી જતાં તેમને ઈજા થઈ અને સારવાર દરમિયાન મરણ પામેલ.જેથી સ્પષ્ટ છે કે,મરણ જનાર અશ્વિનભાઈએ પુર ઝડપે મોટરસાઈકલ ચલાવતા હતાં જેથી બનાવ બનેલ.વાદીએ દાવા અરજીના પાના નં.૩

પેરા નં.ર માં જણાવેલ છે કે,બનાવવાળી જગ્યામાં કોઈપણ જાતનું સાઈન,સિગ્નલ કે ડાયવર્ઝન મુકેલ નથી. પરંતુ, આ કામે રજુ થયેલ આંક–૧૪ નું પંચનામું ઘ્યાને લેતાં બનાવવાળી જગ્યાએ ડાયવર્ઝન હતું.સદરહું તમામ હકીકત ઘ્યાને લેતાં જણાય આવે છે કે વાદીએ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે,પ્રતિવાદીના બેદરકારીના કારણે આ બનાવ બનેલ જેથી પ્રતિવાદી વળતર આપવા જવાબદાર બને છે.વાદીએ તેમનો કેસ કોઝેન્ટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ જે પુરવાર કરવામાં વાદી નિષ્ફળ ગયેલ છે.જેથી મુદા નં.૪ નો ઉતર નકારમાં આપવામાં આવે છે.

**(૧૧) <u>મુદ્દા નંબર નં.પ :–</u>**

આ કામે વાદીએ મુદા નં.૪ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.જેથી વાદીએ પ્રતિવાદીની બેદરકારી સાબિત કરી શકેલ નથી.જેથી માનવામાં આવે છે કે પ્રતિવાદી રૂા.પ૦ લાખ પુરા વળતર તથા ૧૮% વ્યાજ આપવા જવાબદાર છે.જેથી મુદા નં.પ નો ઉતર નકારમાં આપવામાં આવે છે.

**(૧ર) <u>મુદ્દા નંબર નં.૬ :–</u>**

આ કામે વાદી એ મુદા નં.૪ અને પ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.આ મુદા પણ મુદા નં.૪ તથા પ સાથે સંકળાયેલ છે.જેથી આ મુદાનો ઉતર પણ નકારમાં આપવામાં આવે છે.

**(૧૩) <u>મુદ્દા નંબર નં.૭ :–</u>**

ઉપરોકત કરેલ ચર્ચા મુજબ મુદા નં.૭ નો ઉતર નીચે મુજબ છે.

**<u>:: હુકમ ::</u>**

(૧) આથી હાલનો દાવો રદ કરવામાં આવે છે.

(ર) આ દાવાનો ખર્ચ વાદી તથા પ્રતિવાદીએ પોત–પોતાનો ભોગવવાનો રહેશે.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૮/૦૧/ર૦ર૩.
છોટા ઉદેપુર.

(આર.ડી.પાંન્ડે)
પ્રિન્સી.સિનિયર સિવિલ જજ, છોટા ઉદેપુર.
(જી.જે.૦૦૮૧૩)